# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦ તા.૨૭-૪-૧૭

ફકત મ્યુનિ. શાળાઓ માટેઃ-

**વિષયઃ જીસીઈઆરટી ગાંધીનગર દ્વારા ધોરણ ૬ થી ૮ ના એસઆરજી પેડાગોજીની રચના બાબત.**

**સંદર્ભ : ૧. જીસીઈઆરટી પત્રાંકઃ જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૭-૧૮/૯૮૫૧-૯૮ તા.૨૫/૦૪/૨૦૧૭.**

**૨. જશભ/ફસબ/૨૦૧૭/૬૨૯-૬૩૫ તા.૨૭/૦૪/૨૦૧૭.**

આથી તમામ મ્યુનિ.શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે જીસીઈઆરટી ગાંધીનગર દ્વારા રાજ્ય કક્ષાના રીસોર્સ ગૃપ પેડાગોજીની પસંદગી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે,પ્રાથમિક શાળામાં કાર્યરત શિક્ષકો એસઆરજી ગૃપમાં જોડાય તે માટે શાળાના તમામ શિક્ષકોને આ અંગેની જાણ કરશો.

- **એસઆરજી પસંદગી વખતે નીચેની બાબતોને ધ્યાનમાં રાખવાની રહેશે.**

(૧) ધો ૧ થી ૮ ના તમામ શિક્ષકો જોડાઈ શકશે.

(૨) દરેક વ્યક્તિ ધો ૬ થી ૮ ના કોઈપણ વિષયની કસોટી આપી શકશે.

(3) આ કસોટી આપવા ઈચ્છતા શિક્ષકો,સીઆરસી,યુઆરસી અને સુપરવાઈઝરશ્રીઓએ પોતાનું નામ, લાયકાત ,શાળાનું નામ,મોબાઈલ નં.,ઈ –મેલ એડ્રેસ અને કયા વિષયની કસોટી આપવા માંગે છે તેની વિગતો ઓનલઈન gcertgujarat.blogspot.in પર તા.૧૯/૦૫/૨૦૧૭ ના રોજ સાંજના પાંચ વાગ્યા સુધીમાં ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

(૪) જે વ્યક્તિ ઓનલાઈન ફોર્મ ના ભરી શકે તેવા કિસ્સામાં તા.૧૯/૦૫/૨૦૧૭ ના રોજ પાંચ વાગ્યા સુધીમાં ડાયટ અમદાવાદ શહેરમાં મોકલી આપવાનું રહેશે.

(૫) જે વ્યક્તિ વેકેશનમાં પોતાના વતનમાં જઈને પરીક્ષા આપવા માંગતા હોઈ તો તેને તેના નજીકના ડાયટમાં જાણ કરીને મંજૂરી લેવાની રહેશે.

(૬) એસઆરજી પસંદગી માટેની કસોટી તા.૨૮/૦૫/૨૦૧૭ ના રોજ સ્વ ખર્ચે આપવાની રહેશે.જેનો સમય ૧૨ થી ૨ કલાક રહેશે.

તા.૨૭-૪-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

**ખાસ નોંધ :- આથી મ્યુનિ. શાળાઓના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આ અગાઉ પરિપત્ર નં.૫ તા.૧૨.૪.૧૭ના રોજ ડીજીટલ ગુજરાત પોર્ટલ (કમીશન સર્વિસ પોર્ટલ) માં આગામી વર્ષ ૨૦૧૭-૧૮ પ્રવેશોત્સવ-૧૭ માં શિષ્યવૃતિ/ગણવેશ સહાય યોજનાના અમલ બાબતે પરિપત્ર કરી તા.૨૯-૪-૧૭ સુધીમાં ઓનલાઈન એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવા જણાવેલ હતું પરંતુ હજુ સુધી ઘણી શાળાઓની એન્ટ્રી કરવાની બાકી છે જે ખુબ જ ગંભીર બાબત છે. તા.૨૯-૪-૧૭ સુધીમાં જો ઓનલાઈન એન્ટ્રીની કામગીરી પૂર્ણ કરવામાં નહીં આવે તો તેવી શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીની અંગત જવાબદારી રહેશે અને પરિપત્ર નં.૫માં જણાવ્યા મુજબની હાર્ડ કોપી જે-તે વિભાગમાં અને મુખ્ય ઓફિસે આપવાની રહેશે.**